# પત્નીની હત્યા કરનાર પતિની આત્મહત્યા : રહસ્ય અકબંધ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાંથી ૧૦દિવસ અગાઉ રવિવારે સવારે ૧ મહિલાની કરપીણ હત્યા કરી ફરાર થઈ જનાર હત્યારા પતિએ ગઈકાલે રાત્રે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં રેલવે નીચે પડતું મુકી સ્વયં પણ આત્મહત્યા કરી લેતાં હત્યાનું રહસ્ય અકબંધ રહેવા પામ્યું હતું.

દસેક દિવસ અગાઉ શહેરમાં બનેલી ચકચારી ઘટનાને પગલે પોલીસે હત્યારા પતિને ઝડપી પાડવા એડી ચોટીનું જોર લગાવી દીધું હતું. ગત ૨૧-૨૨ એપ્રિલની રાત્રી દરમ્યાન હત્યા કરવામાં આવેલ તેજકુંવર બા નામની મહિલાની બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી લાશ મળી આવી હતી. જો કે પોલીસે તપાસમાં મદદરૂપ થાય તેવી બાબતો અંકે કરી લીધી હતી અને તેને આધારે તપાસ આગળ ધપાવી હત્યા સમયે મૃત મહિલાનો પતિ રતનસિંહ વર્ધીસિંહ ચૌહાણ (ઉંમર-૩૫) મૂળ રહે. જાલોકી મંદાર,તા. શ્રીનાથદ્વારા, જિ. રાજસમન્દને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ડી.વાય.એસ.પી. ગેલોટ સાથેની ટેલીફોનીક વાતચીત દરમ્યાન જાણવા મળી રહ્યું છે કે રતનસિંહ ચૌહાણ ગઈકાલે રાત્રી દરમ્યાન રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના ફતેહનગર નજીક રાણાવતોકી સાદડીના ફાટક નજીક રેલવે નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી.

આજે સવારે ફાટકમેનની નજર પડતાં તેને અકોલા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી હતી. અને તેના થેલામાંથી નામ વગેરેની માહિતી મળી આવતાં સગાંસંબંધીઓને જાણ કરતા આત્મહત્યા કરનાર ઈસમ તેની પત્નીની હત્યા કરીને ફરાર થઈ ગયો હોવાનું ખુલતા હેડ કોન્સ્ટેબલ ભગવતીપ્રસાદે હિંમતનગર ડી.વાય.એસ.પી. ગેહલોતનો સંપર્ક કરી જાણ કરી હતી.

ડી.વાય.એસ.પી. પી.આર. ગેલોટે જણાવ્યું હતું કે રતનસિંહ અને તેનો ભાઈ નાગેન્દ્ર હત્યા સમયે સાથે હોવાના મળી આવેલા સંયોગી પુરાવા તથા બેંક પાસબુક, ટ્રીટમેન્ટના કાગળો વગેરે પોલીસે અંકે કરીલીધા હતા અને મહિલાની હત્યા તેના પતિએ જ કરી હોય તેવા સંયોગીક પુરાવાને આધારે તપાસની દિશા નક્કી કરી પી.આઈ. જે.એમ. આલ. તથા પોલીસ ટીમ તેમના માર્ગદર્શન હેઠળ તપાસમાં આગળ વધી રહી હતી. હત્યારા પતિએ સ્વયં પણ જીવન ટુંકાવી લેતાં હત્યાનું રહસ્ય એકંદરે રહસ્ય જ બની રહેવા પામ્યું છે.



## માણસા યુવા બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

માણસા શહેરના પાર્ટી પ્લોટમાં સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા પારિવારિક પ્રસંગની જેમ ભવ્ય યજ્ઞોપવિત સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્તર બટુકોને ઉપનયન સંસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા શહેરમાં છેલ્લા પંદર વર્ષથી દેવાધિદેવ મહાદેવના પ્રમુખસ્થાને સમસ્ત યુવા બ્રહ્મસમાજ ચાલી રહ્યો છે. જેના દ્વારા અગાઉની જેમ આ વર્ષે પણ અન્નપૂર્ણ પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય યજ્ઞો પવિતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્તર બટુકોને ઉપનયન સંસ્કાર વિદ્વાન બ્રાહ્મણો અને આચાર્યા કનુભાઈ શુકલ દ્વારા શાસ્ત્રોક્તવિધિ વિધાન સાથે અર્પણ કરવામાં આવ્યા હતા અને સાંજે બેન્ડવાજા સાથે ભવ્ય આતશબાજી સાથે શહેરમાં બટુકયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે બટુકોના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય સંત સમિતિ વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ સ્વામી શિવાનંદ સરસ્વતી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા.

(તસવીર : મયુરસિંહ વાઘેલા)

# ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં પાણીનો કકળાટ

## વાસણા રોડ ઉપરના ૬૦ જેટલા પરિવારોની પાણીની વિતરણ વ્યવસ્થાની ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા પાલિકામાં વાસણા રોડ ભક્તિનગર અને અન્ય ઉંચાણવાળા વિસ્તારના રહીશોને ઉનાળાની શરૂઆતથી જ પુરતુ પાણી ન મળતા કકળાટ શરૂ થયો છે. વાસણા રોડ ઉપર પાલિકા દ્વારા બનાવવામાં આવેલા સંપ અને ટાંકી નજીક હોવા છતાં આ વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી મળતું નથી અને ઊંડા ખાડા કરી બે-ત્રણ ડોલ પાણી મેળવે છે. આ અંગે આ વિસ્તારના રહીશોએ પાલિકામાં લેખિત રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારના વાસણારોડ ઉપર આવેલી આંજણા પટેલ સમાજ વાડી પાછળ રહેતા ૬૦ જેટલા પરિવારો પુરતા પાણી વગર હાલાકી ભોગવી રહ્યા છે. વાસણારોડના રહીશો કાનારામ ભીમાજી માળી, મહેન્દ્રકુમાર ધરમીચંદ પ્રજાપતિ, વિજયકુમાર કાન્તીલાલ મહેતા તથા મથરાબેન માળીના જણાવ્યા અનુસાર ઘણા લાંબા સમયથી આ વિસ્તારને પુરતા ફોર્સથી પાણી મળતુ નથી. પાણીના પ્રશ્ન અંગે વારંવાર પાલીકામાં તથા ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરી છે. છતાં પાણીના પ્રશ્નનો નિવેડો લાવવા કોઈ તૈયાર નથી. ઘર આગળ ત્રણ થી ચાર ફૂટ ખાડામાં માત્ર બે-ત્રણ ડોલ પાણી મળે છે. વાસણારોડ ઉપર પાલિકા દ્વારા વિશાળ ટાંકી ઘણા સમયથી બનાવવામાં આવી છે. આ ટાંકીનો પડછાયો પડે તેટલો દૂર આ વિસ્તાર આવેલો છે છતાં પુરતા ફોર્સથી પાણી મળતુ નથી. જેથી અહીના રહીશોને પાણી વેચાતુ લેવાની ફરજ પડે છે. આ વિસ્તારના પાણીના પ્રશ્નનો યોગ્ય નિવેડો લાવવામાં આવે તેમજ પાણીની વ્યવસ્થાની સમીક્ષા કરી પુરતા ફોર્સ અને નિયત સમયે પાણી મળી રહે તે પ્રકારનું આયોજન નહી કરવામાં આવે તો લાખોના ખર્ચે બનાવવામાં આવેલ ટાંકી વ્યર્થ છે.

આ ઉપરાંત ભક્તિનગરના ભગવાનદાસ મોતીભાઈ સુથારના જણાવ્યા અનુસાર ભક્તિનગરમાં પાણીનો પ્રશ્ન વિકેટ બન્યો છે. મુખ્યમંત્રીના ઓનલાઈન કાર્યક્રમમાં પણ રજુઆત કરી હોવા છતાં પાણીનો પ્રશ્ન હલ કરવામાં આવતો નથી.

આ અંગે ખેડબ્રહ્મા પાલિકાના ચીફ ઓફિસર દર્શનસિંહ કે. ચાવડાએ જણાવ્યું હતું કે વાસણા રોડ અને ભક્તિનગરની પાણીની સમસ્યા અંગે પાલિકાની ટીમ સાથે પાઈપલાઈનનું સર્વે કરી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

# લગ્ન પ્રસંગોમાં ઢોલ, શરણાઈ વિસરાતા

## કલાકારો અન્ય ધંધા તરફ વળ્યા

### ડી જે સાઉન્ડ અને બેન્ડવાજાએ જૂની સંસ્કૃતિ ભૂલાવી...

પ્રાંતિજ, તા.૩૦

આધુનિકતા અને પશ્ચિમી સંસ્કૃતિના બોલીવુડ, હોલીવુડ ગીતોએ છેલ્લા ઘણા વર્ષોથી ભારતીય સંસ્કૃતિના લગ્ન પ્રસંગોની વાજિંત્ર કળાને ભૂલાવી દીધી છે. લગ્નના વરઘોડાઓમાં દેશી ઢોલ, ત્રાંસા, શરણાઈના સૂર હવે વિસરાતા થયા છે અને તેની જગ્યાએ ડીજે સાઉન્ડ કે બેન્ડવાજા લાવવાનો શોખ વધતો ગયો છે, પરિણામે ગામડાના તથા શહેરોમાં વસતા કેટલાય સમાજોના વાજિંત્ર કલાકારોની રોજી ઉપર માર પડયો છે.

લગ્નો હોય કે જનોઈના પ્રસંગ હોય, પ્રતિષ્ઠા હોય કે શોભાયાત્રા નીકળવાની હોય ત્યારે ગામડાઓમાં ઢોલ, ત્રાંસા, શરણાઈઓ, ડુગડુગીઓ, નાના ત્રાંસા વગાડનારા ગામડા ગામના કલાકારો વાજિંત્રોમાં જ ગરબા, રાસ કે ગીતોને ગાયનો વગાડતા. તેમની કુશળતા અને મધુર સંગીત પીરસવાની કળાથી લોકો ડોલી ઊઠતા. ભગવાનની આરતી હોય કે પછી વિદાય ગીત હોય ચોરીના ચાર ફેરા હોય કે રાસ ગરબા હોય દરેકમાં આનંદ, ઉલ્લાસ, કરૂણા અને ભાવનાત્મક સુમધુર સંગીત એવું પીરસાતું કે સૌ ઝૂમી ઉઠતા, એમાં જયારે, 'બેના રે..સાસરીયે જાતા જો જે પાંપણના ભીંજાય' આ ગીત ગવાય, શરણાઈના સૂર રેલાવાય ત્યારે લોકો રડી પડતાં...જયારે છેલ્લા બે પાંચ વર્ષોથી ડી જે સાઉન્ડ, પાર્ટીઓ કે બેન્ડવાજા આવતાં લોકો મૂળ સંસ્કૃતિને ભૂલી ગયા છે. ફિલ્મી ગીતો ઉપર ડિસ્કો ડાંડિયા રમે છે. આવી પરિસ્થિતિમાં ઢોલ, ત્રાંસા, શરણાઈ વગાડતા લોકોની રોજગારી તૂટી ગઈ છે. લગ્ન પ્રસંગોએ તેમને મળતી નાની-મોટી આવક બંધ થઈ ગઈ છે. પરિણામે આ કલાકારો અન્ય ધંધા તરફ વળ્યા છે.

સરકાર આવા પેઢીગત કલાકારો માટે કંઈ વિકાસાત્મક કામગીરી પ્રારંભે તેવું સૌ વાદક કલાકારો ઈચ્છી રહ્યા છે.

# હિંમતનગરની પંજાબ નેશનલ બેંક દ્વારા રીટેલ ક્રેડીટ કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની પંજાબ નેશનલ બેંક દ્વારા રીટેલ ક્રેડીટ કેમ્પનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. પંજાબ નેશનલ બેંકના મેનેજર ડી.કે. ગુપ્તા અને સ્ટાફની સાથે રહી બેંકના નાયબ મહાપ્રબંધકના હસ્તે એક કરોડ ચાલીસ લાખ રૂપિયાના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હિંમતનગર ખાતેની પંજાબ નેશનલ બેંકમાં યોજાયેલા રીટેલ ક્રેડીટ કેમ્પમાં વાહનો, મકાનો, ઓટો રીક્ષા સહિતના સાધનો વાહનો પર લોનનાં ચેકોનું વિતરણ પંજાબ નેશનલ બેંક ગુજરાત ડિવિઝનના નાયબ મહાપ્રબંધક હિમાંશુ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. ૨૩ જેટલા લાભાર્થીઓને રૂપિયા એક કરોડ ચાલીસ લાખના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં બેંકના મેનેજર ડી.કે. ગુપ્તા દ્વારા બેંકની વિસ્તૃત સેવાઓ, ગ્રાહકો, થાપણોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગુજરાત પંજાબ નેશનલ બેંકના નાયબ મહાપ્રબંધક હિમાંશુ જોષીએ બેંકની સેવાઓ તેમજ ગ્રાહકો, ખાતેદારો, લોન ધારકો પાસેથી બેંક સેવાની માહિતી લીધી હતી અને પગભર બનવા પી.એન.બી. બેંક લોકોને તમામ સેવાઓ તથા લોન આપી પગભર બનાવવા તત્પર હોઈ લોકોને તમામ વહેવારો નેશનલ લાઈઝ બેંકો થકી વધારવા હાકલ કરી હતી.

## પાલનપુર નગરપાલિકાના બોર્ડમાં શહેરના

# વિકાસકાર્યો અને ગત વર્ષનો ખર્ચ મંજૂર : વિપક્ષ દ્વારા ભારે ધાંધલ

પાલનપુર, તા. ૩૦

આજે સાંજે પાલનપુરની ભાજપ શાસીત નગરપાલિકાની સામાન્ય સભા પાલિકા પ્રમુખ હર્ષાબેન અશોકભાઈ મહેશ્વરીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં પ્રારંભમાં વંદેમાતરમ્‌ના ગાન બાદ શહેરના મુસ્લિમ અગ્રણી પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ નાગરિક બેંકના પૂર્વ ચેરમેન મહેમુદમીયા કાદરીના અવસાન બદલ અને એક મ્યુ. પૂર્વ કર્મ.ના અવસાન બદલ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

સભાના પ્રારંભમાં જ પાલિકાના અપક્ષ સભ્ય અને પૂર્વ પ્રમુખ અમૃતલાલ જોષીએ પાલિકા દ્વારા અગાઉ કરાયેલા વેરા વધારાના વિરોધનો ઠરાવ બ.કા. કલેકટરે પાલિકાને ક્યારે મોકલ્યો મુ. અધિ.ને પૂછતા ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધાએ તેનો જવાબ આપેલ. ત્યારે ક્યારે પ્રમુખને જાણ કરી તેમણે શું કહ્યું ? તેમ પેટા પ્રશ્નો બાદ ગ્રીનીચ બુકમાં નોંધ કરવા જોર શોરથી માંગણી કરી કોર્ટ મેટર બનશે તેમ કહીને આક્રોશ સાથે બોલતા કોંગી મ્યુ. સભ્ય ગુલશનબેન વખારીયા, આશા રાવલ, મહેશ પટેલે હોબાળો કરતાં પાણી પુરવઠાના ચેર. વિજય જોષીએ હવે એજન્ડા હાથ ઉપર લો તેમ કહેતા જ ઓ.એસ. ચંદુભાઈ જોષીએ આગળના કામો બોલતા એક પછી એક કામો બહુમતીએ મંજૂર કરી વોટીંગ કરી તમામ કામો મંજૂર કરાવીને સત્તાધારી સભ્યો ઉભા થઈ જતા બોર્ડ પૂર્ણ કરી દેવાતાં વિપક્ષે ભારે હોબાળો મચાવી ધાંધલધમાલ કરી દીધેલ.



પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરીને આજે હાથ ઉપર પાટો બાંધેલ જોતા તેઓએ જણાવેલ કે તે સરકીટ હાઉસમાં પગથીયાં ઉપરથી પડીજતાં હાથની કોણીમાં ફેક્ચર થયેલ છે. તેમ છતાંય તેઓ બોર્ડમાં શહેરીજનોની સુખાકારીના વિકાસ કાર્યો માટે હાજરી આપી હતી. ત્યારે વિપક્ષના મ્યુ. સભ્યા ગુલશન વખારીયા, આશા રાવલ, અમરત જોષી અને મહેશ પટેલે આજે પાલિકાના સત્તાધિશો દ્વારા એજન્ડાના એક પણ કામો અંગે કોઈ જ ચર્ચા ના કરીને બહબુમતીના જોરે કામો મંજૂર કરાવીને પાલિકામાં આપખુદશાહી સાથે સરમુખત્યારવાદ ચલાવાય છે તંદુરસ્ત લોકશાહીની હત્યા કરાય છે. કંઈપણ બોલવા દેવાતા નથી. ત્યારે સત્તાધારી ભાજપના સભ્યો ભારત માતા કી જય ના સૂત્રોચ્ચાર સાથે બહાર નીકળી ગયા હતા.

વધુમાં આ એજન્ડામા પાણી પુરવઠા વિભાગના કામોમાં સંપની સફાઈ વિગેરે કામોમાં નવા રેટ કોન્ટ્રેક્ટ મંજૂર કરાવાયા હતા. જુદી જુદી કમિટિઓ દ્વારા કરાયેલ ઠરાવો બોર્ડમા મંજૂર કરાયા હતા. આ બોર્ડમાં સત્તાધારી ભાજપ અને વિપક્ષના પણ કેટલાક સભ્યો ગેરહાજર હતા તો કેટલાકે રજા મુકી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય જનતાપાર્ટી દ્વારા આજે નગરપાલિકાના ભાજપના તમામ સભ્યોને બોર્ડમા સમય કરતાં અડધો કલાક પહેલા અને એજન્ડાના તમામ કામોને મંજૂરી આપવા અને પ્રમુખ તરફથી જે કામો સૂચન રજૂ થાય તેને અનુમોદન આપવા માટે વ્હીપ જારી કરાયો હતો. વિપક્ષના સભ્યો દ્વારા આપતા બોર્ડમાં વિરોધ કરવા મો પર પટ્ટી મારીને આવવાની ચર્ચા પૂર્વ પ્રમુખ મહેશભાઈ પટેલે કોમેન્ટ કરી હતી.

## ખેડબ્રહ્મા માણેક ચોક પાસેની પરબ કાળઝાળ ગરમીમાંય બંધ હાલતમાં

સ્વર્ણિમ વર્ષ ૨૦૧૦ના આયોજનમાં બનાવેલી માણેક ચોક પાસે ઉપાધ્યાય જલધારા જે ને ઉપાધ્યાય પરીવારે બનાવીને નગરપાલિકાને સુપ્રત કર્યું છે. અંદર ઠંડા પાણીની વ્યવસ્થા માટે આઈસ પાણીનું ફ્રીઝ મુક્યું હતુ. જે કાળઝાળ ગરમીમાં બંધ હાલતમાં છે. તેનો સંપૂર્ણ વહીવટ નગર પાલિકા દ્વારા કરવામાં આવે છે. આસપાસ ગામડામાંથી આવતા લોકો ઠંડા પાણીની આશાએ નળ પાસે જાય છે અને નિરાશ થઈને પાછા જાય છે. પાણી વેચાતુ લઈને પીએ છે. બજારમાં વેપારી વર્ગ દ્વારા ચર્ચા જોર શોરમાં ચાલી રહી છે કે શું આ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ પાણીના પાઉચ વેચનારી કંપનીઓ સાથે સાંઠગાંઠ કરીને તો નહીં બેઠા હોય ને !

## ઘરેથી શાળાએ ફરજ પર જવા નીકળેલી માણસાની શિક્ષિકા ગુમ થઈ

માણસા, તા. ૩૦

માણસામાં આવેલી ખાનગી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી શિક્ષિકા ગઈકાલે સવારે ઘરેથી નોકરી પર જવા નીકળ્યા પછી ઘરે પરત ન આવતા તેના પરિવારજનોએ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસાના વાવ દરવાજા બહાર આવેલી વિ.ગુ.ના ટ્રસ્ટ બાલમંદિરમાં નોકરી કરતી ૨૦ વર્ષીય શિક્ષિકા સુમનબેન ગઈકાલે સવારે ઘરેથી નોકરીએ જવાનું કહી ગયા બાદ બપોરે શાળા છૂટ્યા બાદ પણ ઘરે પરત ન ફરતાં તેમના પરિવારજનોએ ભારે શોધખોળ બાદ તેમનો ક્યાંય પત્તો ન લાગતા માણસા પોલીસ સ્ટેશને ગુમ થવા બાબતે ફિયાદ આપી હતી. તેમના જણાવ્યા મુજબ યુવતી પાસે પગારના પૈસા, કાનમાં બુટ્ટી અને હાથમાં વીંટી પહેરેલી છે જે બાબતે માણસા પોલીસે જાણવાજોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર સુચના

અમો ગણપતલાલ ચુનીલાલ જોષી ઉ.વ. પુખ્ત, ધર્મે-હિન્દુ, ધંધો - નિવૃત્ત, રહે. ઉત્તમપુરા (ડાંગીયા) તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા આ પ્રજાજોગ તથા સંબંધિત ઈસમોને જાણ કરતી સુચના પ્રસિદ્ધ કરી જણાવીએ છીએ કે,

અમો હાલ ઉપરોક્ત સ્થળે રહી નિવૃત્તી જીવન ગાળીએ છીએ, અમારી પાસે જે કંઈ સ્થાવર તથા જંગમ હતી અને છે તે તમામ અમારી સ્વોપાર્જિત છે અને વારસાઈ મિલકત કોઈ અમોને મળેલ નથી.

અમો નિવૃત્ત થતાં અને અમારાં બાળકો પુખ્ત થતાં અમોએ અમારી મિલકતની વહેંચણી કરી અમારા પુત્રો તથા પુત્રીઓને સ્થાવર તથા જંગમ મિલકત આપેલ છે. અને તે સર્વ સંમતિથી કરવામાં આવેલ છે.

ઉપર જણાવ્યા મુજબ મારા કુટુંબના વારસદારો વચ્ચે અમોએ કરેલ વહેંચણી મુજબની મિલકત અમારા પુત્ર-પુત્રીઓએ સંભાળ લઈ લીધેલ છે. અને હાલ તે તેમના કબજામાં છે.

વહેંચણી કર્યા બાદ અમો તથા અમારા પત્નીના જીવન નિર્વાહ તથા વહેવાર તહેવાર કરવા બચેલી જંગમ તથા સ્થાવર મિલકત અમોએ અમારા પાસે રાખેલ છે અને તેનો ગમે તે વહેવાર વહીવટી કરવા અમો મુક્ત છીએ. આમ હોવા છતાં અમારા વારસદારો પૈકી અમુક તથા અન્ય કેટલીક અમારી આ બચેલ મિલકતનો વહેવાર - વહીવટ કરવામાં અમોને દખલ કરી તે મિલકત તેમને આપી દેવા ધાક-ધમકી આપી પડાવી લેવા તજવીજ કરી અમારા વહીવટ વહેવારમાં અડચણ અટકાયત કરે છે.

આ સંજોગોમાં અમારા અગર અમારી પત્નીના કબજા, માલિકી, ભોગવટાની આ મિલકતમાં અમારા વારસદારોનો કોઈ હક્ક અધિકાર ના હોઈ આવી કોઈ પ્રવૃત્તિ ના કરવા તેમને આ નોટીસથી જણાવવામાં આવે છે. તેમ છતાં જો આવી કોઈ હરકત, અટકાયત તેઓ કરશે તો અમારે ના છૂટકે કાયદાની કોર્ટમાં દાદ-ફરીયાદ કરવી પડશે તેની સૌએ નોંધ લેવી તથા આવુ કૃત્ય કરવાની તમામ જવાબદારી તેમની સંયુક્ત અગલ પૃથ્થક - પૃથ્થક રહેશે જેની ખાસ નોંધ લેવી તેમજ અમારા મીલકત અંગે આ લોકો સાથે કોઈ વહીવટ - વહેવાર કરવો નહીં તેમ છતાં કરવામાં આવશે તો અમારી કોઈ જવાબદારી રહેશે નહીં તેની પણ નોંધ લેવાનું રાખળા આ નોટીસથી જણાવીએ છીએ.

પાલનપુર — મારી મારફતે — સહી/-

તા. ૨૭-૪-૨૦૧૨ — સહી/- — (જી. સી. જોષી)

(એમ. જી. જોષી)

એડવોકેટ

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૬૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર — કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન